**No. RD/TGT/e-file/15/2023/16833/CM Relief Fund**

માન. મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ,
મહેસુલ વિભાગ,
બ્લોક નં.૧૧, ૮મો માળ,
સરદાર ભવન, સચિવાલય,
ગાંધીનગર-૩૮૨૦૧૦

**પ્રતિ,**
અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી,
તમામ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.

**વિષય :-** કોરોના વાયરસ (કોવિડ-૧૯)ના સંક્રમણ થવાના કારણે અવસાન પામેલ અધિકારી/કર્મ ચારીના આશ્રિત કુટુંબને રૂ. ૨૫(પચીસ) લાખની સહાય આપવા બાબત.

**સંદર્ભ :-** ૧) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૮/૦૪/૨૦૨૦ નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૦૨૦૨૦-૨૫૦-ક

૨) મહેસૂલ વિભાગનો તા.૨૨/૦૫/૨૦૨૦નો ઠરાવ ક્રમાંક : સીએમએફ/૧૦૨૦૨૦/૮૫/સી.એમ.ફંડ

શ્રીમાન/મહોદયા,

ઉપર્યુકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભ (૧)ના ઠરાવ અંતર્ગત રાજ્યમાં નોવેલ કોરોના વાયરસ (Covid 19)ના કારણે કર્મચારી/અધિકારીના દુ:ખદ અવસાનના કિસ્સામાં તેઓના આશ્રિત કુટુંબને રૂ.૨૫ લાખની સહાય આપવા નિર્ણય કરેલ છે, તથા સંદર્ભ (૨) થી આ સહાય માન. મુખ્ય મંત્રીશ્રીની રાહત નિધિમાંથી આપવાનું ઠરાવેલ છે.

પ્રસ્તુત બાબતે જણાવવાનું કે, વર્ષ ૨૦૨૨ બાદ કોરોના સંક્રમણમાં નોંધનીય પ્રમાણમાં ઘટાડો થયેલ છે તથા પ્રવર્તમાનમાં કોરોના સંક્રમણ લગભગ નહિંવત પ્રમાણમાં છે. તેમ છતાં, વર્ષ ૨૦૨૦-૨૦૨૧માં કોરોના સંક્રમણ થવાના કારણે અવસાન પામેલ કર્મચારી/અધિકારીઓને રૂ. ૨૫/- લાખની સહાય મંજૂરીના હુકમ લગભગ બે વર્ષ બાદ એટલે કે હાલની તારીખમાં પણ સંબંધિત વિભાગ પાસેથી અત્રે રજૂ કરવામાં આવે છે. જે માન. મુખ્યમંત્રીશ્રીના ધ્યાને આવેલ છે.

આથી, ઉપરોક્ત બાબતે આવા તમામ પડતર કેસો આપની કક્ષાએ સમીક્ષા કરીને આવા કિસ્સાઓમાં તા.૩૧/૦૧/૨૦૨૪ સુધીની સમયમર્યાદામાં તમામ પડતર કેસો માન. મુખ્ય મંત્રીશ્રીના રાહત નિધિમાંથી ફંડ ફાળવણી માટે રજુ કરવામાં આવે તે સુનિશ્ચિત કરવા માન. મુખ્યમંત્રીશ્રીની આજ્ઞાનુસાર વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

**(સી.સી.પટેલ)**
સચિવ
માન. મુખ્યમંત્રીશ્રીનું રાહત ફંડ
મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર.

**<u>નકલ સવિનય રવાના :-</u>**

- મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧ સચિવાલય, ગાંધીનગર. (જાણ સારૂ.)

Signature Not Verified
Signed by: C C Patel
Deputy Secretary
Date: 2024.01.02
13:22:39 +05:30